અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

**રાજ્યમાં વધુ ૧૧૫૯૨ નવા કેસ : ગાંધીનગરમાં ૨૬૫ : અમદાવાદમાં ૩૨૬૩**

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૬૦ | ૧૧ મે, ૨૦૨૧, મંગળવાર; ચૈત્ર વદ - ૦)) | પાનાં - ૬ કિંમત રૂ. ૨.૦૦

# વેક્સિનેશન સંદર્ભે કોર્ટ હસ્તક્ષેપ ના કરે : કેન્દ્ર

**કેન્દ્રે સુપ્રીમને વેક્સિનેશન-કોવિડ પ્રબંધન અંગે માહિતી આપી : અમે સમજી વિચારીને વેક્સીનેશન પોલિસી બનાવી છે, અમારા પર ભરોસો કરો : સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પહેલા કેન્દ્ર સરકારે ૨૧૮ પેજનું સોગંદનામું કોર્ટ સમક્ષ ધર્યું હતું જેમાં કોર્ટના તમામ સવાલોનો જવાબ આપવામાં આવ્યા છે**

નવી દિલ્હી, તા. ૧૦

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે રવિવારે સુપ્રીમ કોર્ટમાં વેક્સીનેશન પૉલિસીને લઈ સોગંધનામું દાખલ કરી જવાબ આપ્યો છે. આ સોગંધનામામાં કેન્દ્ર સરકારે વેક્સીન પૉલિસીને લઈ સુપ્રીમ કોર્ટને કહ્યું કે તમે અમારા પર વિશ્વાસ કરો, આ મામલે કોર્ટે દખલગીરી કરવાની જરૂરત નથી. દેશમાં રસિકરણ અભિયાન માટે અમે બહુ સમજી વિચારીને વેક્સીનેશન પોલિસી બનાવી છે. વેક્સીનેશન નીતિનો બચાવ કરતાં કેન્દ્રએ કહ્યું કે આ મામલે કોર્ટે હસ્તક્ષેપ કરવાની જરૂરત નથી.

કેન્દ્ર સરકારે પોતાની વેક્સિનેશન નીતિના બચાવમાં સુપ્રીમ કોર્ટને આ મામલે કોર્ટના હસ્તક્ષેપની જરૂર નથી તેમ કહ્યું હતું. કેન્દ્રએ જણાવ્યું કે, કોરોનાનો કોઈ પણ દર્દી દેશભરની કોઈ પણ હોસ્પિટલમાં દાખલ થઈ શકે છે. મતલબ કે આરટીપીસીઆર રિપોર્ટ કે અન્ય શહેરમાં રહેતા હોય તેના આધાર કાર્ડની જરૂર નહીં પડે. કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે, કોવિડ સેન્ટર, બેડ, ડૉક્ટર, નર્સ અને મેડિકલ સ્ટાફની સંખ્યા વધારવામાં આવી છે. રિપોર્ટ પ્રમાણે મેડિકલના વિદ્યાર્થીઓને પણ કોવિડ સેવા કાર્યમાં લગાવવામાં આવી રહ્યા છે. ૧૦૦ દિવસ સુધી કોવિડ સેવા કાર્ય કરનારાઓને આર્થિક રીતે ઈન્સેન્ટિવ આપવાની પહેલ પણ કરવામાં આવી છે. વેક્સિનનું ઉત્પાદન વધારવાની સાથે તેની ઉપલબ્ધતા પણ વધારવામાં આવી છે. હવે ૧૮ વર્ષથી વધારે ઉંમરના લોકોનું વેક્સિનેશન પણ શરૂ કરી દેવામાં આવ્યું છે અને રાજ્યો પણ વેક્સિન ઉત્પાદકો પાસેથી સીધી ખરીદી કરી રહ્યા છે.

સોગંદનામામાં વેક્સિનની કિંમતોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સરકારના કહેવા પ્રમાણે વેક્સિન ઉત્પાદકો સાથે વાત કરીને એવું નક્કી કરી દેવામાં આવ્યું છે કે, તમામ રાજ્યોને સમાન દરે વેક્સિન મળશે. જો કે, કેન્દ્રને સસ્તામાં વેક્સિન મળવા પાછળ એવું કારણ જણાવ્યું કે, કેન્દ્રએ કંપનીને મોટા ઓર્ડર-એડવાન્સ રકમ આપી છે.

## દેશના ૧૪ રાજ્યોને કોવેક્સિનનો જથ્થો સીધો પહોંચાડવાની શરૂઆત

નવી દિલ્હી, તા. ૧૦

ભારત બાયોટેકએ હવે દેશનાં ૧૪ રાજ્યોને કોવિડ-૧૯ની વેક્સિન 'કોવેક્સિન' નો પુરવઠો મે મહિનાથી થરૂ કરી દીધી છે. હૈદરાબાદ સ્થિત કંપનીએ કેન્દ્ર સરકાર દ્વારા કરાયેલી ફાળવણીનાં આધારે પુરવઠો આપવાનું શરૂ કરી દીધું છે.

ભારત બાયોટેકએ એક મે ૨૦૨૧થી ભારત સરકાર દ્વારા કરાયેલી ફાળવવણીનાં આધારે પર આ રાજ્ય સરકારને 'કોવેક્સિન' નો સીધો પુરવઠો આપવાનું શરૂ કર્યું છે, અન્ય રાજ્યોની વિનંતીઓ પણ મળી છે, અને અને અમે સ્ટોકની ઉપલબ્ધતાનાં આધારે તેનું વિતરણ શરૂ કરીશું. કંપની આ સમયે આંધ્ર પ્રદેશ, આસામ, છત્તીસગઢ, ગુજરાત, જમ્મુ અને કાશ્મિર, ઝારખંડ, મધ્ય પ્રદેશ, ઓડિસા, તમિલનાડુ, તેલંગાણા, ઉત્તમ પ્રદેશ, અને પશ્ચિમ બંગાળને વેક્સિનનો પુરવઠો પહોંચાડી રહી છે. અત્રે ઉલ્લેખનિય છે કે ૩૯ એપ્રિલએ કંપનીએ રાજ્યોમાં 'Covaxin' ની કિંમત ઘટાડીને ૪૦૦ રૂપિયા પ્રતિ ડોઝ કરી દીધી છે, આ પહેલા આ કિંમત ૬૦૦ રૂપિયા પ્રતિ ડોઝ નક્કી કરવામાં આવી હતી, જો કે વેક્સિનની કિંમત અંગે ઘણી ટીકા થયા બાદ કંપનીએ તેની કિંમતો ઘટાડી હતી, ભારત બાયોટેક ભારત સરકારને ૧૫૦ રૂપિયા પ્રતિ ડોઝનાં હિસાબથી 'Covaxin'ની સપ્લાય કરી રહી છે.

## દેશમાં કેસ ઘટ્યા : નવા ૩.૬૬ લાખ કેસ

**કડક નિયંત્રણો વચ્ચે દેશમાં કોરોનાની ગતિ સામાન્ય ધીમી પડી : દેશમાં મૃત્યુની ટકાવારીમાં ૧૫ ટકાનો ઊછાળો, છેલ્લા ત્રણ દિવસમાં પહેલીવાર દૈનિક મૃત્યુઆંકની ટકાવારી એક ટકાને પાર કરી જતાં ચિંતાનું મોજું**



નવી દિલ્હી,તા.૧૦

ભારતમાં કોરોના વાયરસના લીધે એક અઠવાડિયામાં ૨૭,૦૦૦ કરતા વધારે દર્દીઓના મોત થયા છે અને ૨૭.૪ લાખ કરતા વધારે નવા કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ભારતમાં કોરોનાની મહામારી આવ્યા પછી પહેલીવાર એક અઠવાડિયામાં આટલા બધા કેસ નોંધાયા છે. મૃત્યુની ટકાવારીમાં ૧૫%નો ઉછાળો નોંધાયો છે. દૈનિક મૃત્યુઆંકની ટકાવારી પાછલા ત્રણ દિવસમાં પહેલીવાર ૧%ને પાર ગઈ છે. પહેલીવાર દેશમાં એક અઠવાડિયામાં ૨૫,૦૦૦ કરતા વધારે કોરોનાના દર્દીઓના મોત થયા છે. પાછલા અઠવાડિયામાં ૨૭,૨૪૩ દર્દીઓએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે, આ પહેલા ૩-૯ મે દરમિયાન ૨૩,૭૮૧ લોકોના એક જ અઠવાડિયામાં મૃત્યુ થયા હતા.

ભારતમાં પાછલા અઠવાડિયામાં ૨૭,૪૪,૫૪૫ નવા કેસ નોંધાયા છે, જેમાં પાછલા અઠવાડિયાના ૨૬.૧૩ લાખ કેસ સામે ૫%નો વધારો થયો છે. જ્યારે એપ્રિલ ૨૬થી ૨ મે સાથે સરખામણી કરવામાં આવે તો ૧૬%નો ઉછાળો છે.

### દિલ્હીની સરોજ હોસ્પિટલમાં ૮૦ ડોક્ટર્સ પોઝિટિવ

નવી દિલ્હી, તા. ૧૦

દેશની રાજધાની દિલ્હીમાં કોરોનાની બીજી લહેરના કારણે ભારે તબાહી વ્યાપી છે. આ બધા વચ્ચે દિલ્હીની સરોજ હોસ્પિટલમાં કોરોના વિસ્ફોટની જાણકારી સામે આવી છે. કોરોના કાળમાં અત્યાર સુધીમાં આ હોસ્પિટલના કુલ ૮૦ ડૉક્ટર્સ કોરોના પોઝિટિવ નોંધાયા છે અને કોરોનાના કારણે ૧ ડૉક્ટરનું મૃત્યુ થયું છે.

### કોંગ્રેસમાં સ્થાયી અધ્યક્ષ માટે ૨૩ જૂને મતદાન થશે

નવી દિલ્હી, તા. ૧૦

આગામી ૨૩ જૂનના રોજ દેશની સૌથી જૂના રાજકીય દળ કોંગ્રેસને પોતાના સ્થાયી અધ્યક્ષ મળી શકે છે. હકીકતે કોંગ્રેસમાં આંતરિક ચૂંટણીની જાહેરાત થઈ ચુકી છે. સૂત્રો દ્વારા મળતા અહેવાલ પ્રમાણે આગામી ૨૩ જૂનના રોજ કોંગ્રેસના અધ્યક્ષ પદ માટે મતદાન થશે. કોંગ્રેસ કાર્યસમિતિની બેઠકમાં સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલે ચૂંટણી તારીખની જાહેરાત કરી હતી.

### આગામી ૨૦ દિવસમાં સાત દિવસ બેંકોનું કામ બંધ રહેશે

મુંબઈ, તા. ૧૦

કોરોનાની બીજી લહેરના પગલે દેશભરની બેંકોના કામકાજ પર અસર થઈ છે. માત્ર લોકડાઉનના સમયમાં બેંકોને શનિવાર, રવિવાર અને કેટલાક તહેવારોની રજા છે. આથી આગામી ૨૦ દિવસમાં સાત દિવસ બેંકોનું કામ બંધ રહેશે.

જેમાં ૧૩ મે ૨૦૨૧ના રોજ રમઝાન ઈદ ૧૪ મે ભગવાન શ્રી પરશુરામ જયંતી અક્ષય તૃતીયા, ૧૬ મે રવિવાર, ૨૨ મે ચોથો શનિવાર, ૨૩મે રવિવાર, ૨૬ મેના રોજ બૌદ્ધ પૂર્ણિમા ૩૦ મે રવિવાર છે.

## ખાનગી હોસ્પિટલ્સમાં કોરોનાની રસીની કિંમત છ ગણી વધી ગઈ

**કોવિશીલ્ડ વેક્સિન ૨૫૦માં મળતી હતી અને હવે તેના માટે ૭૦૦થી ૯૦૦ રુપિયા વસૂલવામાં આવી રહ્યા છે**

નવી દિલ્હી, તા. ૧૦

ભારતમાં ખાનગી હોસ્પિટલોમાં કોરોનાની રસીની કિંમત ૬ ગણી વધી ગઈ છે. પહેલા સીરમ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા (એસઆઈઆઈ)ની કોવિશીલ્ડ વેક્સીન ૨૫૦ રુપિયામાં મળતી હતી અને હવે તેના માટે ૭૦૦થી ૯૦૦ રુપિયા વસૂલવામાં આવી રહ્યા છે. આ જ રીતે ભારત બાયોટેકની રસી કોવેક્સિન માટે પ્રાઈવેટ હોસ્પિટલ ૧૨૫૦થી ૧૫૦૦ રુપિયા વસૂલે છે. કોવિન વેબસાઈટ મુજબ પ્રાઈવેટ સેક્ટરના મોટા કોર્પોરેટ હોસ્પિટલ ગ્રુપ વેક્સીનેશનમાં જોડાયા છે. જેમાં અપોલો, મેક્સ, ફોર્ટિસ અને મનિપાલનો સમાવેશ થાય છે.

મોટાભાગના દેશોમાં કોરોનાની રસી મફતમાં લગાવવામાં આવી રહી છે. પરંતુ ભારત એવા કેટલાક દેશોમાંથી એક છે જ્યાં રસી માટે લોકોએ પોતાનું ખિસ્સું ઢીલું કરવું પડે છે. સાથે જ ભારતનો એ દેશોમાં સમાવેશ થાય છે જ્યાં પ્રાઈવેટ સેક્ટરમાં વેક્સીનની કિંમત સૌથી વધુ છે. દેશમાં પ્રાઈવેટ સેક્ટરમાં વેક્સીનની કિંમત સૌથી વધારે છે. દેશમાં પ્રાઈવેટ સેક્ટર હોસ્પિટલમાં કોવિશીલ્ડ વેક્સીન લગાવવાનો ખર્ચ લગભગ ૧૨ ડૉલર અને કોવેક્સિન લગાવવાનો ખર્ચ લગભગ ૧૭ ડૉલર છે.

## લોકડાઉનની અસર, દિલ્હીમાં કોરોનાનો સંક્રમણ દર ૧૭ દિવસમાં ૧૫% ઘટ્યો

ન્યુ દિલ્હી,તા.૧૦

રાષ્ટ્રિય રાજધાની દિલ્હીમાં કોરોનાની ચોથી લહેરમાં હવે પરિસ્થિતી સુધારતી જોવા મળી રહી છે. દૈનિક સંક્રમિતોની સાથે મૃત્યુનાં કેસો ઘટી રહ્યા છે. જ્યારે સંક્રમણ દર પણ ઘટી રહ્યો છે. છેલ્લા ૧૭ દિવસમાં સંક્રમણ દરમાં ૧૫ ટકાનો ઘટાડો આવ્યો છે.

નિષ્ણાતોનું કહેવું છે કે ૨૦ એપ્રિલથી શરૂ થયેલી લોકડાઉનનનાં સારા પરિણાણો હવે દેખાઈ રહ્યા છે. જો કે, સ્થિતિ સામાન્ય થઈ નથી. આવી સ્થિતિમાં સતત સાવચેતી રાખવાની જરૂરી છે. છેલ્લા એક અઠવાડિયાથી દિલ્હીમાં કોરોના કેસ ઘટવા લાગ્યા છે. આ ઉપરાંત ચેપનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે. હવે પ્રતિ ૧૦૦ લોકો પર ૨૨ ચેપગ્રસ્ત જોવા મળી રહ્યા છે. ૨૨ એપ્રિલ સુધીમાં, આ સંખ્યા ૩૬ હતી. છેલ્લા બે અઠવાડિયાથી ચેપનો દર સતત ઘટાડો થઈ રહ્યો છે. જો આપણે આંકડા જોઈએ તો ૨૨ એપ્રિલના રોજ કોરોનાનો સંક્રમણ રેટ ૩૬ ટકા હતો.

તે દરમિયાન સરેરાશ ૨૫ હજાર કેસ નોંધાઈ રહ્યા હતા અને સરેરાસ ૩૩૬ લોકોનું મોત થઈ રહ્યું હતું. તે પછી, પછીના અઠવાડિયામાં ૨૬ એપ્રિલથી ચેપનો દર ૨૯ ટકા થયો. દૈનિક ચેપગ્રસ્ત લોકોની સંખ્યા પણ ઘટીને ૨૧ હજાર થઈ ગઈ છે. ત્રીજા સપ્તાહમાં આ કેસોમાં વધુ ઘટાડો થયો છે. હવે, રોજ સરેરાશ ૧૬ હજાર સંક્રમિતો મળી રહ્યા છે અને ૨૭૫ લોકોનું મોત થઈ રહ્યું છે.

FIGHT CORONA

Maunil Shah
M. 90998 72551

Sanitization & Disinfection

સેનેટાઈઝ સર્વિસ

FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.

Portable Oxygen Cans Available For Emergency use
All COVID Fight Products Available

શ્રદ્ધાંજલી



સ્વ. શ્રી સીતાબેન મહેશભાઈ પટેલ
સ્વ. તા. ૯-૫-૨૦૨૧, (રવિવાર)

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारूतः ॥

આ આત્માને શસ્ત્રો છેદી શકતા નથી, અને અગ્નિ બાળી શકતો નથી,
અને પાણી ભીંજવી શકતું નથી, પવન સૂકવી શકતો નથી.

પરિવાર જેમનું મંદિર હતું, સ્નેહ જેમની શક્તિ હતી, પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું, પરમાર્થ જેમની ભક્તિ હતી,
કર્મ સદા એવા કર્યા કે સર્વેના હૃદયમાં ગુંજ્યા કરે, આપનો પ્રેમાળ સ્વભાવ અમારા માટે પ્રેરણાદાયક રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
ગં.સ્વ.ઈન્દિરાબેન હર્ષદભાઈ અમીન
કશ્યપ હર્ષદભાઈ અમીન
શ્રદ્ધા કશ્યપ અમીન
(ગાંધીનગર)